

## બારડોલીમાં સરકીટ હાઉસ પાસે જીવંત વીજતાર તૂટ્યો

**ત્રણ રસ્તા** પાસે અંદાજિત 70થી 80 મીટર લાંબો ખુલ્લો વાયર હોવાથી જોખમ વધ્યું!

બારડોલી: બારડોલીના હાર્દ સમાન સરકીટ હાઉસ પાસેના વ્યસ્ત મુખ્ય માર્ગ પર સોમવારે અચાનક હાઈવોલ્ટેજ જીવંત વીજતાર તૂટી પડતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. તાર પડતાની સાથે જ રોડ પર મોટા તણખા થતાં રાહદારીઓ અને વાહનચાલકોમાં જીવ બચાવવા નાસભાગ મચી હતી. સદનસીબે સ્થાનિક લોકોએ તાત્કાલિક વાહનો રોકી દેતાં મોટી જાનહાનિ ટળી હતી. જો કે, ધુલિયા ચોકડીથી બારડોલી જતો વાહનવ્યવહાર કલાકો સુધી થંભી જતાં એસ.ટી. બસો અને ટ્રકોની લાંબી કતારો લાગી હતી.

અહીં જિલ્લા કોર્ટ અને તાલુકા સેવાસદન જેવી કચેરીઓ હોવાથી સતત અવરજવર રહે છે. પ્રિ-મોન્સૂન મેઇન્ટેનન્સની વાતો વચ્ચે સર્જાયેલી આ ઘટનાથી તંત્રની ઘોર બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. ભૌગોલિક સ્થિતિ મુજબ અહીં ત્રણ રસ્તા હોવાથી બે થાંભલા વચ્ચે આશરે ૭૦ થી ૮૦ મીટર જેટલું મોટું અંતર છે. નિયમ મુજબ વ્યસ્ત વિસ્તારોમાં આ અંતર ૩૦થી ૪૦ મીટર હોવું જોઈએ. વચગાળે કોઈ સપોર્ટ કે અંડરગ્રાઉન્ડ કેબલિંગ ન હોવાથી વાયર પર વજન વધતાં આ દુર્ઘટના સર્જાઈ હોવાના આક્ષેપ થયા છે. ઘટનાની જાણ થતાં જ વીજ કંપનીના સ્ટાફે દોડી આવી વીજ પુરવઠો બંધ કરી સમારકામ શરૂ કર્યું હતું. આ અકસ્માતને કારણે આસપાસના વિસ્તારોમાં પાવર ગૂલ થઈ ગયો હતો. હાલ પોલીસ અને વીજ તંત્રએ સંયુક્ત રીતે વાયર હટાવી ટ્રાફિક હળવો કરવાની તજવીજ હાથ ધરી છે.

# સાગબારામાં ઝાડીમાં સંતાયેલો દીપડો યુવતી પર ત્રાટક્યો: 32 ટાંકા આવ્યા

**યુવતી** પિતા સાથે બાઇક પર જઈ રહી હતી

**દીપડાએ** યુવતીના પગમાં બચકું ભરી લીધું

**જેમ** તેમ કરી દીપડાની ચુંગાલમાંથી છૂટી જીવ બચાવ્યો

સાગબારા: સેલંબા-પાંચપીપરી-પાટ માર્ગ પર રવિવારે મોડી રાત્રે દીપડાના હુમલામાં એક યુવતી ઈજાગ્રસ્ત થઈ હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટનામાં યુવતીને 32 ટાંકા આવતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ તા.28 જૂને રાત્રે આશરે 9:45 વાગ્યે પાટથી પાંચપીપરી જતાં માર્ગ પર મહુડાના ઝાડ નજીક દીપડો સંતાઈને બેઠો હતો. આ દરમિયાન દિવ્યાબેન પ્રકાશભાઈ જૈન પોતાના પિતા સાથે મોટરસાઈકલ પર જઈ રહ્યાં હતાં. અચાનક દીપડાએ દિવ્યાબેનના પગને મોંમાં લઈ લેતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. તેમ છતાં બાઈક નીચે ન પડતાં દિવ્યાએ તેના પ્રકાશભાઈને કહ્યું કે, પપ્પા તમે બાઈક ભગાવો, અહીં ઊભા ન રાખતાં. દીકરીએ હિંમત આપતાં જ પ્રકાશભાઈએ બાઈક હંકારી મૂકી હતી. એ બાદ 1 કિમી દૂર જઈ બાઈક ઊભી રાખી હતી. ત્યાં જોતાં ખબર પડી કે ઘા ખૂબ ઊંડો છે. આખો પગ લોહીથી લથબથ હતો. આ બનાવમાં યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં 32 ટાંકા આવ્યા હતા.

સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, આ વિસ્તારમાં અગાઉ પણ દીપડાના હુમલાની અનેક ઘટનાઓ બની ચૂકી છે, છતાં વન વિભાગ દ્વારા કોઈ કાયમી ઉકેલ ન આવતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક દીપડાને પકડી લેવા પ્રબળ માંગ કરી છે.



### અડધા કલાક બાદ અન્ય એક ઉપર હુમલો

સાગબારા તાલુકામાં અગાઉ પણ દીપડાના હુમલાના બનાવો બન્યા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ અસરકારક કાર્યયોજના અમલમાં મૂકવામાં આવી નથી, જે ચિંતાનો વિષય છે. અડધા કલાક પછી સેલંબાના ગુડ્ડુ નામની વ્યક્તિ પર પણ દીપડાએ એ જ જગ્યાએ હુમલો કર્યો હતો. જેને સારવાર માટે સાગબારા હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# કીમ નદીમાં કેમિકલયુક્ત પાણી ઠલવાતાં હજારો માછલીનાં મોત

**મોટા** બોરસરા નજીકની ઘટના, જીપીસીબીને જાણ કરતાં પાણીનાં સેમ્પલ લીધાં

**વારંવાર** બનાવ બનવા છતાં યોગ્ય પગલાં નહીં ભરાતાં ગ્રામજનોમાં આક્રોશ

હથોડા: માંગરોળના મોટા બોરસરા ગામ નજીકથી પસાર થતી કીમ નદીમાં ફરી એકવાર ઝેરી કેમિકલયુક્ત પાણી છોડાતાં પર્યાવરણને ભારે નુકસાન પહોંચ્યું છે. પ્રદૂષિત પાણીના કારણે નદીમાં રહેતી હજારો માછલીઓ ટપોટપ મરી જતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનોએ સુરત GPCBને તાકીદે જાણ કરી હતી, જેના પગલે અધિકારીઓની ટીમ દોડતી થઈ હતી અને નદીના પાણીનાં સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



ઈબ્રાહીમ કાનુ

સ્થાનિક ગ્રામજનોએ ઉગ્ર રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ નદીના પાણીનો ઉપયોગ ગામના પશુઓ પીવા માટે અને ખેડૂતો ખેતી માટે કરે છે. વળી, કાંઠા વિસ્તારના લોકો પણ દૈનિક વપરાશમાં આ પાણીનો ઉપયોગ કરે છે. કોઈ અજાણી ફેક્ટરી કે માથાભારે તત્ત્વો દ્વારા અવારનવાર નદીમાં કેમિકલ માફિયાઓની જેમ ઝેરી પાણી ઠાલવી દેવામાં આવે છે. ગામવાસીઓનો આક્ષેપ છે કે, જ્યારે પણ આવી ઘટના બને ત્યારે જીપીસીબીના અધિકારીઓ માત્ર સેમ્પલ લઈને સંતોષ માને છે અથવા પાછલા બારણે સમાધાન કરી લે છે. તંત્ર દ્વારા કોઈ નક્કર કે કડક કામગીરી કરવામાં આવતી નથી, જેના કારણે આવી ઘટનાઓ વારંવાર બને છે. આજે કેમિકલયુક્ત પાણી આવતાં ગ્રામજનોએ સાવચેતીના ભાગરૂપે પોતાના પશુઓને નદી તરફ જવા દીધા ન હતા. તંત્રની ઢીલી નીતિ સામે સવાલો ઉઠાવી ગ્રામજનોએ આ મામલે જવાબદારો સામે કડક કાયદાકીય પગલાં ભરવાની ઉગ્ર માંગ કરી છે.

## ટ્રકનું સસ્પેન્શન બલૂન બદલતી વેળા મોં પર બ્લાસ્ટ થતાં યુવકનું મોત

પલસાણા: પલસાણાના કરણમાં જૈન મંદિર નજીકના સુરત ટાટા મોટર્સના શો-રૂમમાં કરુણ અકસ્માત સર્જાયો છે. શો-રૂમમાં રહીને વાહનો રિપેરિંગનું કામ કરતા ૨૨ વર્ષીય સાહીલ સબ્બીર કુરેશી (મૂળ રહે.,લખનઉ, ઉત્તર પ્રદેશ) ગત તા.૨૪/૬/૨૦૨૬ના રોજ બપોરે એક ટ્રકનું સસ્પેન્શન બલૂન બદલી રહ્યો હતો. દરમિયાન અચાનક સસ્પેન્શન બલૂન પ્રેશર સાથે ખૂલી જતાં સાહિલના મોંના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ચાલુ સારવાર દરમિયાન તા.૨૮ જૂનના રોજ સવારે ૧૧ વાગ્યે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે મૃતકના પરિચિત કુરબાન મોહમદ કુરેશીએ પલસાણા પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પીપરીપાન ગામમાં ખેતરમાં આગ લાગી



ભરૂચ: ઝઘડિયાના પીપરીપાન ગામે ખેડૂત દલપતભાઈ વસાવાના ખેતરમાં અચાનક આગ લાગી હતી. આ દુર્ઘટનામાં સિંચાઈ માટે રાખેલા ૫૦ જેટલા પાઈપ્સ સહિત અન્ય સાધનો બળીને ખાખ થઈ ગયા છે. જેથી આશરે ૩.૧ લાખનું આર્થિક નુકસાન થયું છે. ખેડૂતે કોઈએ દ્વેષભાવે આગ લગાડી હોવાની શંકા વ્યક્ત કરતાં સ્થાનિક ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

### તાપી જિ.પં.ની સમિતિના અધ્યક્ષની વરણી

વ્યારા: તાપી જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં વહીવટને મજબૂત બનાવવા ૮ વિવિધ સમિતિની રચના કરી અધ્યક્ષોની નિમણૂક કરાઈ છે, જેમાં કારોબારી અધ્યક્ષ તરીકે પ્રવીણ વસાવા, સામાજિક ન્યાય સમિતિમાં લીલાબેન ગામીત, શિક્ષણમાં ઋષિ ગામીત અને જાહેર આરોગ્ય સમિતિમાં રેખાબેન ગામીતની વરણી કરાઈ છે. જ્યારે બાંધકામમાં જયરામ ગામીત, અપીલમાં ચંચળ ચૌધરી, ઉત્પાદન-સિંચાઈમાં ઉષા કોંકણી તેમજ મહિલા અને બાળ વિકાસ સમિતિમાં રવિલાબેન ગામીતને જવાબદારી સોંપાઈ છે. તમામ વિસ્તારોને યોગ્ય પ્રતિનિધિત્વ આપતી આ નિમણૂકોથી જિલ્લામાં માર્ગ, શિક્ષણ, આરોગ્ય અને કૃષિ જેવા વિકાસલક્ષી કાર્યોને વધુ વેગ મળશે.

### ઝઘડિયા GIDC બ્લાસ્ટ કેસમાં AAPના ત્રણ આગેવાનની અટકાયત

ભરૂચ: ઝઘડિયા GIDC બ્લાસ્ટ પ્રકરણમાં કામદારોના ન્યાય માટે અવાજ ઉઠાવનાર આમ આદમી પાર્ટીના ત્રણ આગેવાનોની પોલીસે અટકાયત કરી છે. સોમવારે નોટિસ મળ્યા બાદ પોલીસ સ્ટેશન પહોંચેલા ભરૂચ જિલ્લા 'આપ' પ્રમુખ પીયૂષ પટેલ, રજનીકાંત વસાવા અને સર્જન વસાવાની અટકાયત કરાતાં સમર્થકોમાં ભારે રોષ અને સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

### ભરૂચ રેલવે સ્ટેશને ગાંજો ઝડપાયો

ભરૂચ: ભરૂચ રેલવે સ્ટેશન પર 'મિશન સેફ સ્ટેશન' અંતર્ગત જીઆરપી પોલીસે પ્લેટફોર્મ નં.૩ પરથી ૪,૦૩,૭૫૦ની કિંમતનો ૮.૦૭૫ કિલોગ્રામ ગાંજો બિનવારસી હાલતમાં ઝડપી પાડ્યો છે. પોલીસને જોઈ તસ્કર કાળી બેગ છોડી ફરાર થઈ ગયો હતો. પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં ટ્રેનમાં મહિલાનું પર્સ ચોરાયું

ભરૂચ: રાજસ્થાનના સિરોહીની જમનાદેવી પ્રભુલાલ છીપા તા.5મી જૂને જોધપુર એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યાં હતાં. રાત્રે તેઓ સીટ પર સૂઈ જતાં તેમનું રૂ.14000ની મત્તાનું પર્સ ચોરાઈ ગયું હતું. આ બાબતે ભરૂચ રેલવે પોલીસમાં ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

### હથુકામાં સોલાર પ્લાન્ટમાં વાયર ચોરનારા ઝડપાયા

વાલોડ: વાલોડના હથુકા ગામની સીમમાં ગ્રીનબીમ અર્થ પ્રા.લિ. સોલાર પ્લાન્ટ આવેલો છે, જેમાં ઘણા કામદારો કામ કરે છે. ત્યારે કંપનીમાં કામ કરતા બે શખ્સોએ એલ્યુમિનિયમના વાયરની ચોરી કરી હતી. તેઓ બજારમાં વેચવા માટે નીકળ્યા હતા. જે અંગેની જાણ કંપનીના સિનિયર કર્મચારી સોહિતભાઈ જીતેન્દ્રભાઈ ગામીતને થતાં તેમણે પોલીસને જાણ કરી હતી. પોલીસે વાયર ચોરનારા બંને શખ્સ અબ્દુલકાદીર મહમંદ ફરાગત (મૂળ રહે., યુ.પી.) તેમજ ઈર્શાદ આબીદ રંગડ (મૂળ રહે., યુ.પી.)ને ઝડપી પાડી તેમની પાસેથી 4 હજારની કિંમતનો 30 કિલો એલ્યુમિનિયમ વાયરનો જથ્થો ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બરબોધન ગામમાં તળાવના ખોદકામ બાબતે આવેદન



સાયણ: ઓલપાડના બરબોધન ગામે સરકારી યોજનાના નામે રેવન્યુ સરવે નં. ૨૭૧/અના તળાવમાંથી કરોડો રૂપિયાનું ગેરકાયદે માટીખનન કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની રાવ ઊઠી છે. જાગૃત ગ્રામજનોએ આ મામલે મુખ્યમંત્રી અને સુરત કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવી ઉચ્ચસ્તરીય તટસ્થ તપાસની માંગ કરી છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ ગ્રામ પંચાયત અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી સુજલામ સુફલામ યોજનાના નામે નિયમો નેવે મૂકીને તળાવમાં ૩૦થી ૩૫ ફૂટ જેટલું ઊંડું ખોદકામ કરી માટીનો વેપલો કરાયો છે, જેનાથી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન અને રોયલ્ટી ચોરી થઈ છે. આ અતિશય ખોદકામને કારણે નજીકની ખાડીનું ખારું પાણી તળાવમાં પ્રવેશી ભૂગર્ભ જળ બગાડશે અને સિંચાઈનું સંકટ ઊભું કરશે. તેમજ સુરક્ષાના અભાવે પશુઓ અને બાળકોના જીવનું જોખમ વધતાં જવાબદારો સામે કડક ફોજદારી કાર્યવાહી કરવા માંગ કરાઈ છે.

# માંડવી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ મુદ્દે ધારાસભ્યએ તંત્રના ક્લાસ લીધા



હિતેશ પટેલ

**ભ્રષ્ટાચારના** આક્ષેપ થતાં કુંવરજીભાઈ હળપતિની જાત તપાસ

**કંગાળ** બાંધકામ જોઈ સરકારી અધિકારીઓ પણ સ્તબ્ધ

માંડવી: વિકાસના નામે પ્રજાના ટેક્સના પૈસાનો બેફામ બગાડ અને ભ્રષ્ટાચારનો વધુ એક ચોંકાવનારો કિસ્સો માંડવી રિવરફ્રન્ટ ફેઝ-૨ પ્રોજેક્ટમાં સામે આવતા સ્થાનિક રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે. ૨૫ જૂન-૨૦૨૬ના રોજ પૂર્ણ થનારો આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ અત્યારે કોન્ટ્રાક્ટરની ઢીલી નીતિને કારણે માત્ર ૩૫થી ૪૦ ટકા જ પૂરો થયો છે. તદ્દન હલકી કક્ષાના મટિરિયલના વપરાશની વ્યાપક ફરિયાદો વચ્ચે સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, જિલ્લા મહામંત્રી જગદીશભાઈ પારેખ અને પાલિકા પદાધિકારીઓએ પ્રોજેક્ટ સાઇટની ઓચિંતી મુલાકાત લેતા જ ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

કરારની શરત નંબર ૨૪ મુજબ નિર્ધારિત સમયમાં કામ અધૂરું હોય તો કોન્ટ્રાક્ટરને ચૂકવણું કરી શકાય નહીં, તેમ છતાં અધિકારીઓએ નિયમો નેવે મૂકીને 'JNP ઈન્ફ્રાસ્ટ્રક્ચર' નામના કોન્ટ્રાક્ટરને રૂ.૪.૫૦ કરોડનું તોતિંગ બિલ ચૂકવી દીધું છે, જે સીધી મિલીભગત અને મોટા આર્થિક વ્યવહારો તરફ આંગળી ચીંધે છે. સ્થળ તપાસ દરમિયાન નવી બનેલી રિટેઈનિંગ વોલમાં મોટી તિરાડો અને ખુલ્લા સળિયા જોવા મળ્યા હતા. ભ્રષ્ટાચાર છુપાવવા કોન્ટ્રાક્ટરે તિરાડો પર ઉતાવળે 'પેચવર્ક' કરી પુરાવા નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમજ ત્રીજી કક્ષાના રબલ સ્ટોન વાપર્યા હોવાના ગંભીર આક્ષેપો છે.

આ કંગાળ ચિત્ર જોઈ સરકારી ઈજનેરો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ધારાસભ્યએ તંત્રને કડક ચેતવણી આપતા જણાવ્યું કે, પ્રજાના પૈસે થતાં કામોમાં ગુણવત્તા બાબતે કોઈ બાંધછોડ ચલાવાશે નહીં અને તંત્ર તાકીદે આ કામગીરી નવેસરથી કરાવે. મુદત પૂરી થવા છતાં કોન્ટ્રાક્ટરને દંડ કે બ્લેકલિસ્ટ કરવાને બદલે કરોડો રૂપિયા કેમ ચૂકવાયા તે બદલ જનતામાં તીવ્ર રોષ છે અને હવે આ મામલે કડક કાયદાકીય પગલાં લેવાશે કે નહીં તેના પર સૌની નજર છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જંબુસરના તાલુકા ભાજપ મહામંત્રીનું રાજીનામું



ભરૂચ: જંબુસર તાલુકા ભાજપના મહામંત્રી કિરીટભાઈ કશીભાઈ પટેલ (ઉર્ફે મુન્નાભાઈ જાફરપુરા)એ ખેડૂતોના મુદ્દે મોટો રાજકીય દાવો ખેલ્યો છે. મોરબી જિલ્લાના જેતપુર ખાતે ખેડૂતોની ઉપવાસ છાવણી દરમિયાન તેમણે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી દેતાં જિલ્લા સંગઠન સહિત સ્થાનિક નેતાઓમાં ચકચાર મચી ગઈ છે. કિરીટ પટેલે જણાવ્યું કે ગુજરાતમાં પાવર ગ્રીડ કંપનીના મુદ્દે ખેડૂતો સાથે કથિત રીતે અન્યાય થઈ રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે આ મુદ્દે ભાજપને રાજકીય રીતે મહત્ત્વનો ઝટકો લાગ્યો છે. તેમના મતે ખેડૂતોના હિતમાં સરકાર, સ્થાનિક ધારાસભ્ય અને અધિકારીઓ સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં ઉકેલ ન આવ્યો, જેના કારણે તેમણે પક્ષના હોદ્દાનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો હતો.

### નાંદોદમાં 'વોશરૂમ જાઉં છું' કહી યુવતી ગુમ

રાજપીપળા: નાંદોદના કસ્બાવાડમાં રહેતી ૧૮ વર્ષીય ગાજીયા ખલીફા ગત તા.૨૫/૬/૨૦૨૬ના રોજ બપોરે ૧૪:૩૦ વાગ્યા પછી ગુમ થઈ ગઈ હતી. રાજ કોમ્પ્લેક્ષમાં આવેલા ગુડલક સલૂનમાંથી વોશરૂમ જાઉં છું તેમ કહી નીકળ્યા બાદ તે પરત ફરી ન હતી. પરિવારે શોધખોળ કરવા છતાં મળી ન આવતાં આખરે રાજપીપળા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### અંદાડામાં આહીર સમાજનાં બે જૂથ વચ્ચે બખેડો

અંકલેશ્વર: અંકલેશ્વરના શાંતિનિકેતન સોસાયટી રોડ પર વર્ષો જૂની દુશ્મનાવટે ફરી માથું ઊંચક્યું હતું. પાંચ વર્ષ પહેલાં થયેલા પ્રેમસંબંધના વિવાદને લઈ આહીર સમાજનાં બંને પક્ષો વચ્ચે અદાવત ચાલી રહી હતી. તે જ અદાવતના કારણે ૨૭ જૂનના રોજ નવા વસાહત વિસ્તાર પાસે એક પક્ષ પર લાકડીઓ અને ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં એકને ગંભીર ઇજા પહોંચી હતી, જ્યારે વચ્ચે બચાવ કરવા આવેલી અનેક મહિલાઓ પણ ઇજાગ્રસ્ત બની હતી. ઘાયલોને તાત્કાલિક ભરૂચ અને સુરતની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસ બાદ અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે કુલ 18 આરોપી સામે હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુનાઓ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ડેડિયાપાડામાં રૂ.3.66 લાખનો દારૂ ઝડપાયો

ભરૂચ: ડેડિયાપાડામાં પોલીસે થાણા ફળિયા વિસ્તારના એક મકાન પર દરોડો પાડી ₹3,66,103ની કિંમતની ૨૧૭૬ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે. પોલીસે ઘરમાં ગેરકાયદે દારૂ સંતાડવા બદલ સંગીતાબેન વસાવા અને નીતાબેન વસાવાની ધરપકડ કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આજે અંકલેશ્વર ઉદ્યોગ મંડળની ચૂંટણી યોજાશે

અંકલેશ્વર: અંકલેશ્વર ઉદ્યોગ મંડળ (AIA)ની બહુચર્ચિત મેનેજિંગ કમિટીની ચૂંટણી આવતીકાલે તા. 30 જૂન, 2026ના રોજ યોજાનાર છે. ચૂંટણીને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો અને મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ તેમજ પારદર્શક રીતે યોજાય તે માટે જરૂરી વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે. આ ચૂંટણીમાં 1 કોર્પોરેટ, 1 રિઝર્વ અને 8 જનરલ કેટેગરીની બેઠકો માટે મતદાન યોજાશે. કુલ 1282 ઉદ્યોગકાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મતદાન સવારે 8 વાગ્યાથી શરૂ થઈ સાંજે 6 વાગ્યા સુધી ચાલશે.

### અંકલેશ્વરમાં આમ આદમી પાર્ટીની પદયાત્રા

અંકલેશ્વર: અંકલેશ્વરમાં ચૈતર વસાવાના સમર્થનમાં આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત પદયાત્રા દરમિયાન પોલીસે આશરે ૧૫ જેટલા કાર્યકરની અટકાયત કરતાં થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આપ દ્વારા સ્ટેશન વિસ્તારથી ભરૂચી નાકા સ્થિત બિરસા મુંડા પ્રતિમા સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પદયાત્રાની શરૂઆત પહેલાં કાર્યકરોએ બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ કાર્યકરો પદયાત્રા માટે આગળ વધ્યા હતા. જો કે, પદયાત્રા શરૂ થતાં જ પોલીસે કાર્યવાહી હાથ ધરી આશરે 15 જેટલા કાર્યકરોને અટકાયતમાં લીધા હતા.

### વાંકલમાં વટ સાવિત્રી વ્રતની ઉજવણી



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળ તાલુકામાં પરિણીત મહિલાઓ દ્વારા પતિના દીર્ઘાયુષ્ય અને અખંડ સૌભાગ્યની કામના સાથે પવિત્ર વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. વાંકલમાં મહિલાઓએ દીર્ઘાયુષ્યના પ્રતીક સમાન વડના વૃક્ષની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના કરી ઉપવાસ રાખ્યો હતો. ધાર્મિક વિધિ દરમિયાન સૌભાગ્યવતી મહિલાઓએ વડના થડની ફરતે સૂતરનો દોરો વીંટીને પ્રદક્ષિણા કરી હતી.

### બોગજ ગામે નદીમાં તણાયેલી મહિલાની લાશ મળી

સાગબારા: ડેડિયાપાડાના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે બોગજ ગામની નદી ઓળંગતી વખતે પૂરના પાણીમાં તણાયેલાં ઊર્મિલાબેન વસાવાનો મૃતદેહ ચાર દિવસની શોધખોળ બાદ ઘાટોલી ગામના સ્મશાનઘાટ નજીકથી મળી આવ્યો છે. આ બનાવમાં ઘટના સ્થળે પહોંચેલી પોલીસ અને NDRFની ટીમે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Welcome To The Jungle
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 05:00pm, 06:45pm, 09:00pm, 10:00pm
Cocktail 2
11:00am, 02:30pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા ઈસમો માટે માંગરોળ તાલુકાના નાનીનરોલી ગામે ગ્રામપંચાયત કચેરી ના મકાન નું જુનું બાંધકામ તોડવાની તથા કાટમાળ લઈ જવાની જાહેર હરાજી તા. ૦૨/૦૭/૨૦૨૬ ના ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ કલાકે ગ્રામપંચાયત કચેરી નાનીનરોલી, તા. માંગરોળ, જી. સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક ઈસમો ને હાજર રહેવા વિનંતી છે.
હરાજી શરતો ને આધિન રહેશે.

સરપંચ
નાની નરોલી ગૃપ ગ્રામ પંચાયત
તા. માંગરોળ, જી. સુરત.



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૭૫/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- વસાવા રમેશભાઈ ઢુંડીયાભાઈ, રહે.ગોંદલીયા, પટેલ ફળિયું, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉમરખાડી ગૃપ ગ્રા.પં., તા.ઉમરપાડા, જી.સુરત- ૩૯૪૪૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વસાવા રમેશભાઈ ઢુંડીયાભાઈ, રહે. ગોંદલીયા, પટેલ ફળિયું, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના બહેન મંજુલાબેન ઢુંડીયાભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મંજુલાબેન ઢુંડીયાભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૦૧/૦૧/૧૯૭૦ ૩. જન્મનું સ્થળ: મોજે.ગોંદલીયા, તા.ઉમરપાડા, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મંજુલાબેન ઢુંડીયાભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૪/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- રાયસિંગભાઈ પોહનાભાઈ ચૌધરી, રહે.ગુંદીકુવા, નિશાળ ફળિયું, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ગુંદીકુવા ગ્રા.પં., તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રાયસિંગભાઈ પોહનાભાઈ ચૌધરી, રહે. ગુંદીકુવા, નિશાળ ફળિયું, તા.ઉમરપાડા, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના માતા પાચનીબેન પોહનાભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: પાચનીબેન પોહનાભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૭/૦૨/૨૦૧૫ ૩. મરણનું સ્થળ: મોજે.ગુંદીકુવા, તા.ઉમરપાડા, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે પાચનીબેન પોહનાભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬ની રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૮૦/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- રેખાબેન બાબુભાઈ ચૌધરી, રહે.સેલારપુર, નિશાળ ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૪૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી સેલારપુર ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૬૫૧

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રેખાબેન બાબુભાઈ ચૌધરી, રહે. સેલારપુર, નિશાળ ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના પુત્ર સમીરભાઈ બાબુભાઈ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: સમીરભાઈ બાબુભાઈ ચૌધરી ૨. જન્મ તારીખ: ૦૮/૧૨/૨૦૦૫ ૩. જન્મનું સ્થળ: મોજે.સેલારપુર, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે સમીરભાઈ બાબુભાઈ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીશ**

અમારા અસીલ કલાવતીબેન જીતેન્દ્રભાઈ કામલીયા, ઉ.વ.આ. ૪૬, રહે : ૨૦૫, ગેલેક્સી એવન્યૂ, કામરેજ, તા: કામરેજ, જી: સુરતના ની સુચના અને માહીતી તથા સંમતી થી જાહેર જનતા ને જણાવવામાં આવે છે કે અમારા અસિલ ના પુત્ર મિહીર જીતેન્દ્રભાઈ કામલીયા, ઉ.વ.આ.૨૩ અમારા અસીલ ના કહયામાં નથી, અને તેઓ અમારા અસીલ થી ઘણા સમય થી અલગ રહી પોતાનુ સ્વતંત્ર જીવન જીવી રહયા છે, તેમની સાથે કોઈએ કોઈપણ જાતનો આર્થીક, સામાજીક કે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી, જો એવો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની અમારા અસીલ ની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં, તથા તેઓને અમારી તમામ સ્થાવર તથા જંગમ મીલકત માંથી બે દખલ કરવામાં આવે છે, અને અમારા અસીલ ને મિહીર જીતેન્દ્રભાઈ કામલીયા વિશે કોઈપણ પ્રકારની પુછપરછ કરવી નહીં, અમારા અસીલ ને તેમની સાથે કોઈપણ પ્રકારાના સબંધ રહયા નથી, જેની તમામ લાગતા વળગતા એ નોંધ લેવી. સ્થળ:- સુરત, તારીખ:- ૨૯/૦૬/૨૦૨૬

કલાવતી બેન
અસીલની સુચના અને સંમતી થી.

નિમેષ એ. ગોહેલ - એડવોકેટ એન્ડ નોટરી
ઓ, નવાગામ, એન એચ. ૪૮ દાદા ભગવાન મંદિર ની સામે
કામરેજ ચાર રસ્તા, જી. સુરત. મો: ૯૯૨૪૮-૯૧૩૯૨